# કચ્છી લેવા પટેલ સંદેશ

(કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર)

વર્ષ : ૩૭ અંક : ૩ ૦૫-૦૨-૨૦૧૦



:: તંત્રી ::
ગોવિંદ વી. ખોખાણી
Editor : Govind V. Khokhani

:: સંપાદક ::
વસંત જી. પટેલ (હાલાઈ)
Editor : Vasant G. Patel (Halai)

:: પરામર્શક ::
હરીભાઈ કેશરા હાલાઈ
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
Haribhai Keshra Halai
President : Shri Kutchi Leva Patel Samaj

અરજણભાઈ ગાંગજી પિંડોરીયા
પ્રમુખશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Arjanbhai G. Pindoriya
President : Shri K.L.P.E. & Medi. Trust

શ્રી આર. એસ. હિરાણી
મંત્રીશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Shri R. S. Hirani
Secretary : Shri K.L.P.E. & Medi. Trust

:: પ્રકાશક ::
કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: વિતરણ વ્યવસ્થા ::
રમેશભાઈ હાલાઈ
રામજીભાઈ સેંઘાણી
મનજીભાઈ પિંડોરીયા
તથા યુવક સંઘ



:: પત્ર વ્યવહાર ::
તંત્રીશ્રી
'કચ્છી લેવા પટેલ સંદેશ'
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: ફોન સંપર્ક ::
Mob. : 94269 67818
Mob. : 99258 94603
(02832)
230077, 231177 281437
Fax : (02832) 281537
www.kutchilevapatel.org
www.sklpsbhuj.com
E-mail : info@kutchilevapatel.org
E-mail : info@sklpsbhuj.com


## ચિંતન કણિકા

**માનવ જીવનની સાર્થકતા શામા છે? જવાબ છે કે તે ઊગે, વિકસે અને એના દિલમાં જે શક્તિ, તેજ અને ઐશ્વર્યનો સંચાર થયો છે તે વ્યક્ત થાય, ફેલાય અને ઘણાનું કલ્યાણ સર્જે. દૂર પારસમણિની શોધમાં નીકળી જવાની જરૂર નથી. હાથમાં જે મૂડી છે તેનો ઉપયોગ જ કરવાનો સવાલ છે.**

મનુષ્યજીવન પોતે જ પારસમણિ છે. તેમાં ઈશ્વરે અનંત શક્તિઓ ભરી છે. મનુષ્ય સાચા દિલથી જેને સ્પર્શ કરે તે સોનું થઈ જાય એવો એનો ચમત્કાર છે. પરમાત્મા પોતાનું ઐશ્વર્ય મનુષ્યના માધ્યમથી પ્રગટ કરે છે. પરંતુ મનુષ્ય બર્હિમુખ થઈ ગયો છે. એ બધું જ બહાર શોધે છે. શાંતિ, સુખ, સંપત્તિ, આનંદ આ બધા માટે એ બહાર ભટકે છે. પ્રભુની ખોજ પણ એ બહાર મંદિર, મસ્જિદ અને મૂર્તિઓમાં કરે છે. કસ્તૂરી એની નાભિમાં વસે છે અને તેની સુવાસની પાછળ એ ચારેબાજુ દોડયા કરે છે! 'રામરતન' ધનના અક્ષય ભંડાર એનામાં જ ભર્યા છે અને એ ભીખારીની જેમ ભીખ માટે ભટકે છે!

એક ગામને પાદર ઝાડની નીચે એક ભીખારી કાયમ પડયો રહેતો ફાટલ તૂટલ વસ્ત્રો, મેલીઘેલી ગોદડી અને ફૂટેલું રામપાતર એની સામગ્રી! ગામમાં જઈ ધનધાન્ય માગી આવે, ખાઈ અને વૃક્ષ નીચે સૂતો રહે. આખી જીંદગી એણે આમ ગુજારી. જીવનભર માંગ્યા કર્યું પણ મૂફલિસ રહ્યો. અંતે કાળ આવીને ઉપાડી ગયો.

ગામલોકો એકત્ર થયાં. જ્યાં તે જીવનભર સૂતો હતો તે જ સ્થળે એને અંતિમ પથારીમાં પોઢાડવો જોઈએ એમ વિચારી લોકોએ તેની પથારી નીચે સમાધિ માટે ખાડો ખોદ્યો. ત્યાં તો તેઓના આશ્ચર્ય વચ્ચે મૂલ્યવાન હીરામોતી અને સોનારૂપાના સિક્કાઓનો ભંડાર નીકળી પડયો.

કેવી વિષમતા! એ અબૂધ ભીખારી જીવનભર ધનની ભીખ માગતો રહ્યો અને તેની પથારી નીચે જ દટાયેલા અખૂટ ધનભંડારની એને ખબર ન પડી. આપણે આ ભીખારી જેવા તો નથી ને? એ પ્રશ્ન આપણી જાતને પૂછવા જેવો છે.

\- મનસુખલાલ સાવલિયા


:: Published By ::
Kutchi Leva Patel Yuvak Sangh, Sardar Patel Sankul, Mundra Road, Bhuj.